કાન્તિ ભટ્ટ

## દિલમાં તમન્ના અને તકાજો હોય તો શું શું ન થાય ?

કવિ ઇમર્સને એક સરસ તારણ કાઢેલું. આપણી પાછળ વાઘ પડયો હોય ત્યારે જ દોડતાં શીખીએ છીએ. તેણે આગળ વધીને કહેલું કે આપણને ત્યારે જ ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ કરવાનું મન થાય, જ્યારે ભૂકંપથી આપણું તમામ નાશ પામે. મને કહેવામાં આવ્યું કે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન વિશે લખો. સરકાર ઉદ્યોગપતિઓને વિશાળ જમીનની જાજમ પાથરી દે, તેમને લાડ લડાવે ત્યારે આ બધા આફરો ચઢેલાં ઉદ્યોગપતિઓ તેની ફાંદ સાથે ગામડાની ખેતીની જમીન ઝૂંટવીને ત્યાં દેશની નિકાસ વધારવા અને રોજગારી આપવા અઘરણીના પગલાં માંડતા માંડતા મર્સીડીઝમાં કે હેલિકોપ્ટરમાં આવે. ૨૦૦૫ની સાલથી સેઝ ઊભા કરાવીને હરામનું ખાવાના ઉદ્યોગપતિઓ ધમપછાડા કરે છે. ખેતીવાડીના ક્ષેત્રે વરસાદ-પાણીને અભાવે, બિયારણ ફેઇલ જવાને કારણે અને દેવું ચઢી જવાથિ આટલાં વર્ષમાં ૨૦૦૦ ખેડૂતોએ આપઘાત કર્યો છે. મે ૧૦૬૮માં ફ્રાંસમાં વિદ્યાર્થીઓએ બળવો કરીને પેરિસની ભીંત ઉપર એક સૂત્ર લખેલું: ફોર એકસ્ટ્રાઓર્ડીનરી સિચ્યએશન, એકસ્ટ્રાઓર્ડીનરી મેઝર્સ ઍન્ડ એકસ્ટ્રાઓર્ડીનરી સેક્રીફાઇસીઝ. જ્યારે અસાધારણ સ્થિતિ હોય ત્યારે અસાધારણ પગલાં તેમ જ અસાધારણ ત્યાગ અને બલિદાન આપવાની જરૂર પડે છે. આજે તમામ ધ્યાન ખેતીવાડી અને ખેડુતોના ઉદ્ધાર પર આપવાની જરૂર છે.

ભારતીય ઉદગયોગપતિઓને મલ્ટિનેશનલ સાથે મૉલ ઊભા કરવા છે, પણ ખેડૂતોને મદદ કરવાની લગરીકે દાનત નથી. તેમને બધુ તૈયાર ભાણે જોઇએ છે, ભારત પાસે સિંચાઇ થઇ શકે તેટલી વિરાટ જમીન છે તેટલી કોઇ દેશ પાસે નથી. ભારત આખા વિશ્વનું અનાજનું ભંડાર બની સકે છે, પરંતુ ભારત માત્ર જગતની ફૂડ માર્કેટમાં એક જ ટકાનો હિસ્સો ધરાવે છે. શું કામ ? રાજકારણીઓ અને અખબારવાળા મોટા ઉદ્યોગપતિઓની સેવામાં લાગી ગયા છે. ખેડૂત આજે નિરાધાર છે. તેનો ઇન્ટરવ્યુ ટીવી પર લેવાય તો તે ટીવીવાળાને જાહેરખબર આપી શકે તેમ નથી.

જહોન એફ. કેનેડીએ કહેલું કે ગ્રેટ ક્રાઇસીસ પ્રોડયુસ ગ્રેટમેન. મોટી કટોકટી જ મહાન માણસો પેદા કરે છે. આપણે ત્યાં ખેતીવાડીમાં કટોકટી છે તો ત્યાંથી ઊલટાના રાજકારણીઓ ભાગે છે. જો દેશમાં રોજગારી વધારવાને બહાને કે નિકાસ વધારવાને બહાને સેઝનો કરિયાવર અને દહેજ ઉદ્યોગપતિને જોઇતા હોય તેવી દાનતથી નિકાસ ન વધે. ઉદ્યોગપતિ પોતે કટોકટીમાં હોવા જોઇએ.

એક નાનકડી મારી બિઝનેસના અનુભવની કથા કહું : છે કે ૧૯૫૩-૫૩ની વાત છે. મારે બી.કૉમ થઇ મલેશિયા-પિનાંગ જઇ મારા કાકાની પેઢીનો ઉદ્ધાર કરવાનો હતો. મને છ-છ મહિનાની ઇમિગ્રશન પરમિટ મળતી. છ મહિને પિનાંગથી સ્ટીમરમાં મદ્રાસ(ચેન્નાઇ)આવતો. સ્ટીમરની છ દિવસની મુસાફરીમાં કાકાની પેઢીની નિકાસ વધારવાની ચિંતા કરી પ્લાન વિચારતાં મદ્રાસમાં મિન્ટસ્ટ્રીટ ઉપર સસ્તા ભાડાની(રોજના રૂ. ૧૫) ભારતીય ભવન લોજમાં ઊતરતો. નજીકમાં એક કાઠિયાવાડીની વાઘેશ્વરી લોજમાં રૂ. ૧માં અડધું ભાણું જમતો. એક રવિવારે ફિલ્મ જોવાનું મન થયું. કાકાની આર્થિક કટોકટી હતી. પૈસા ન વેડફવા સિનેમાની થર્ડકલાસની ટિકિટ લીધી. ઇન્ટરવલ પડ્યો ત્યારે નાગાપટ્ટીનમથી અમને ડુંગળી નિકાસ કરનારા અબ્દુલ લતીફ અબ્દુલ કરીમનાં શેઠ મળ્યાં. હું થર્ડકલાસમાં હતો તેથી મોં સંતાડતો હતો છતાં મને પકડી પાડયો. એ મેમણ હતા. મેમણો પણ ખૂબ કરકસરિયા હોય છે, મોટા શેઠ હોવા છતાં તે પણ ડરબનના (દ.આફ્રિકા) મુસ્લિમ મહેમાનને ફિલ્મ જોવા થર્ડકલાસમાં જ લાવેલા !

કૉફી મંગાવીને અડધો અડધો કપ વહેંચીને પીધા પછી ડરબનની બાસા ઍન્ડ કંપનીની ઓળખાણ કરાવી. બાસા કંપનીવાળા મોહમ્મદ શેઠે કહ્યું. 'આપણી ઘેલી સરકારે દ.આફ્રિકાનો બોયકોટ કર્યો છે, કારણ કે (ત્યારે નેલશન મંડેલા હજી જેલમાં હતા) રંગભેદની નીતિ અજમાવે છે પણ ઇન્ડિયાએ બોયકોટ કર્યો છે એટલે આપણા ભારતીય લોકોની લાખોની વસતિ છે, તેને દેશી ગોળ, વરિયાળી, આયુર્વેદના ઓસડિયા, સોપારી, જીરું ધાણા વગેરે કાંઇ મળતું નથી. તમે પિનાંગ બંદરેથી ડરબન ખાતે સસ્તામાં આ ભારતીય ચીજો નિકાસ કરીને ભારતીય લોકોની સેવા કરી શકો ? બોયકોટથી તો આપણે ગુજરાતી જ અગવડમાં છીએ. ગોરી સરકારનું રુંવાડું ફરકતું નથી. અમે ફિલ્મને જતી કરી. પ્લાન વિચાર્યો. મુંબઇની

ખાંડબજારમાંથી રણછોડદાસ પુરુષોત્તમની કંપની દક્ષિણ આફ્રિકાના ભારતીયોને જોઇતી તમામ ચીજો સિંગાપોર અમને નિકાસ કરે. સિંગાપોર બંદરે મુંબઇથી સ્ટીમર આવે એટલે એ તમામ માલની ગુણીઓ કે પેકેજ ઉપર બોમ્બે ટુ સિંગાપોર હોય ત્યાં હું અને મારા મજૂરો સ્ટીમરમાં જઇને 'સિંગાપોર ટુ ડરબનનું લેબલ લગાવી દઇએ. એક સ્ટીમરમાંથી બીજી દ.આફ્રિકા જતી સ્ટીમરમાં માલ ચઢાવી દઇએ. આવી કરોડો રૂપિયાની નિકાસ કરી. તેમાં કોઇ પણ મલેશિયાની કે સિંગાપોરની સરકારની મદદ માગી નહીં. જમીન માગી નહીં. સિંગાપોર તો ફ્રી પોર્ટ હતું જ. કોઇ નિકાસની વિધિ કે ડ્યુટીની પળોજણ નહોતી. ૨ વર્ષમાં કાકાની પેઢીનું બેંકનું ડેબિટ બેલેન્સ ક્રેડિટ બેલેન્સમાં ફેરવાઇ ગયું.

આ દાખલાનું તાત્પર્ય એટલું જ કે જીવનમરણનો સવાલ હોય કે અસ્તિત્વનો સવાલ હોય ત્યારે સરકારની કોઇ પણ સગવડ વગર જ ઉદ્યમી કે સાહસિક ઉદ્યોગપતિ મારગ કાઢી ધંધો કરે છે. એ ધંધા દ્વારા જ સીધી કે આડકતરી રીતે રોજગારી પેદા થાય છે. ધીરુભાઇ અંબાણીએ સરકારી મદદથી નહીં પણ સરકારી અગવડો વચ્ચે જ રસ્તા કાઢેલા. હવે આજની પ્રજાને શું જોઇએ છે ? આજે તેમની પાસે અનેક ધંધાની દૂઝણી ગાયો છે .

જ્યોર્જ હડસન એક જમીન વગરના ખેડૂતનો દીકરો હતો. યોર્કશાયર શહેરમાં કાકાની કાપડની દુકાનના તાકા ઉપાડતા શીખ્યો. ૧૮૨૭ પછીના દાયકાઓમાં બ્રિટનના ત્રીજા ભાગના રેલ્વે નેટવર્કનો જ્યોર્જ હડસન આખરે માલિક બન્યો. તેને કોઇ સેઝની કે સરકારી મદદની જરૂર ન પડી. અમેરિકામાં ૧૮૧૫થી ૧૯૧૫ની વચ્ચે ૭૦ લાખ જર્મનો દેશ છોડી વસ્યા. ૫૦ લાખ ઇટાલિયનો વસ્યા. ૧૦૦ વર્ષમાં ન્યૂઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, આર્જેન્ટીનાથી માંડીને નોર્વે, સ્વીડન, ઓસ્ટ્રિયા વગેરે દેશમાંથી ૩.૫ કરોડ લોકો અમેરિકા આવ્યા. કાર્લ બાન્ઝ નામના જર્મન સાહસિકે મર્સીડીઝ બેન્ઝ કાર બનાવી. ૧૮૯૩માં શિકાગોના વિશ્વમેળામાં મૂકી ત્યારે અમેરિકા ભરમાં ૭૦૦ કાર હતી પણ જર્મન કારની સફળતા જોયા પછી કોઇ પણ સરકારની મદદ વગર અને ઇન્વેસ્ટરોના ૩૮૨૮ કરોડ ડૉલરના રોકાણથી ૭૦૦ જેટલી કાર નિર્માતાની કંપનીઓ અમેરિકામાં ઊભી થઇ. બ્યુઇક ગાડી બનાવનારો ડેવિડ ડી બ્યુક તો કડિયાકામ કરતો કરતો મકાનની સામગ્રી પૂરા પાડનારો હતો. તેણે સ્ટુડિબેકરનું કારખાનું નાખ્યું. હોરેસ ઇ.ડોજે.ની ડેટ્રોઇટમાં મશીન શોપ હતી. તેમાં જ કાર બનાવી. રેમ્બલર નામનો વેપારી બાયસિકલ બનાવતો તે કાર નિર્માતા બન્યો. ઘરના ભંડકિયામાં કે વાડામાં જ બધું બનતું. સેઝમાં નહીં.

બીલ બ્રાયસનનું પુસ્તક 'મેઇડ ઇન અમેરિકા' ગમે તેમ કરીને વાંચજો. અમેરિકા ૧૮૮૧ સુધીમાં અને પછી કેમ આગળ આવ્યું તેની કથા છે. બીલ લખે છે કે ૧૮૮૧થી 'અમેરિકા રોઝ લાઇક એ જાયન્ટ' એક કદાવર અમેરિકા ખડું થયું. અમેરિકામાં કોલસાનું ઉત્પાદન, કપાસિયાનું ઉત્પાદન અને લોખંડનું ઉત્પાદન જગતના તમામ દેશોના ઉત્પાદનને આંબી ગયું. ત્યાં કોઇ સેઝ નહોતા. સેમ્યુઅલ હોપકીન્સને સૌપ્રથમ પોટાશ બનાવવાનો પેટન્ટ મળ્યો. સેમ્યુઅલ હોપકીન્સને પૂછાયું કે તમે કઇ ફેક્ટરીની લેબોરેટરીમાં શોધ કરી ? તેણે કહ્યું 'મારા ઘરના રસોડામાં' અબ્રાહમ લિંકન જે પ્રમુખ બન્યા તેણે પણ ઘેર બેઠા વહાણ લાંગરવાના લંગરના પેટન્ટ લીધા. 'ઇન અમેરિકા એવરી કીચન ઍન્ડ એવરી ટુલ ડેશ વોઝ એ ફેક્ટરી ઍન્ડ લેબોરેટરી. ચાર્લ્સ ગુડયરે ઘરની પાછળના વાડામાં પ્રયોગ કરીને વલ્કેનાઇઝ્ડ રબર શોધ્યું અને આપણને ટાયર મળ્યા. થોમસ જેફરસને આધુનિક હળ શોધ્યું. જે મુરે સ્પેસગલરે વેક્યુમ કલીનર શોધ્યું. તે તેના ઘરના સામેના ગાર્ડનમાં બનાવ્યું. ડબલ્યુ.એચ.હુવરે ધંધો બદલીને ઇલેકટ્રીકલ એપ્લાયન્સ બનાવ્યા. ક્રિસ્ટોફર લેથામ શોલ્સે તેના મિલવાઉકીના ઘરમાં બેઠા બેઠા ટાઇપરાઇટર બનાવી કાઢ્યું. અમેરિકનો જે કરે છે તે મુંબઇની ધારાવીની ઝૂંપડપટ્ટીનાં ગરીબ લોકો કરે છે. તેને આપણે હટાવવા માગીએ છીએ ! ધારાવી જ જબ્બર ગરીબ-મધ્યમવર્ગનો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન છે. તેનું રક્ષણ કરો અને વધુ સગવડ આપો તો ય બસ છે.